# ખેડબ્રહ્માની પુરાતન વાવની જાળવણી મામલે તંત્ર સાવ ઉદાસીન : વાવની ફરતે કચરાના ઢગલા

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્માના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ પુરાતન વાવની જાળવણી અને સફાઈ કરવામાં તંત્રની ઉદાસીનતાથી વાવમાં કચરાના થર જામ્યા છે. વાવમાં જવાનો દરવાજો તુટી ગયો હોવાથી વાવમાં શૌચાલય તરીકે ઉપયોગ થતો હોવાનું ધ્યાનમાં આવ્યું છે. આ પુરાતન સાધનોની જાળવણી સહીત નિયમિત સફાઈ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

ખેડબ્રહ્માના ગામ વિસ્તારમાં બ્રહ્માજીની સન્મુખ પુરાતન વાવ આવેલી છે. આ વાવમાં ઉતરવાનો દરવાજો તુટી ગયો છે અને વાવની નિયમિત સફાઈ થતી ન હોવાથી વાવમાં કચરાનું સામ્રાજ્ય ઉભુ થયું છે. આ વાવ ગુજરાત સરકારના પુરાતત્વ હસ્તક છે અને તે માટે વાવની જાળવણી અને નુકશાન ન થાય તેવી સુચનાનું બોર્ડ લગાવવામાં આવ્યું છે. પણ પુરાતત્વ ખાતુ આ વાવની જાળવણી અને સ્વચ્છતા અંગે ઉદાસીન હોય તેવું આ વાવમાં ઉતર્યા પછી લાગે છે. વાવમાં કચરાના થર જામ્યા છે. વાવમાં ઉતરવાનો દરવાજો તૂટી ગયો હોવાથી અમુક લોકો દ્વારા વાવનો શૌચાલય તરીકે ઉપયોગ થતો હોવાનું લોકો જણાવી રહ્યા છે.

# ગુજરાતમાં સંપુર્ણ ગુટખા મુક્ત વાતો ખાલી કાગળો પર જ

પ્રાંતિજ, તા. ૯

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં ૧૧મી સપ્ટેમ્બર-૨૦૧૨થી ગુટકા મુક્ત કરવા ગુટખા બનાવતી વિવિધ કંપનીઓ પર તેમજ વેચાણ ઉપર રોક લગાવી અને કડક અમલ કરવા દંડ તેમજ સજાની જુદી જુદી જોગવાઈઓ પણ કરેલી પરંતુ આ વાતો ખાલી કાગળો ઉપર જ રહી ગઈ હોય તેવુ અત્યારના સંજોગોમાં દેખાઈ રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્ય સરકાર દ્વારા ગુટખા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકવા અને ગુજરાતમાં ગુટખા નાબુદીથી દેખાતા ગુટખા બનાવતી વિવિધ કંપનીઓ ઉપર મોટી અસર થઈ જોવા મળી હતી પરંતુ ગુટખા કંપનીઓ દ્વારા અવનવાં પેંતરા કરીને વિવિધ પેકિંગોમાં ગુટખાનું માર્કેટીંગમાં ટકી રહેવા માટે નવા પાન-મસાલા તમાકુનું જુદુ જુદુ પેકિંગ કરી બજારમાં ગુટખા સ્વરૂપે કંપનીએ બહાર પાડ્યા છે. આ સ્વરૂપનું બજારમાં ધુમ વેચાણ પણ ચાલુ જ છે. આના સ્વરૂપે રાજ્ય સરકારની ગુટખા ઉપર પાબંધીના લીરેલીરા ઉડતા નજરે ચઢે છે. અને માત્ર પેકિંગ બદલી ગુટખાની જેમજ આ વસ્તુનું બજારમાં વેચાણ પણ પહેલાના જેટલું જ ચાલુ છે. રાજ્ય સરકારનો અભિગમ હતો કે દેશના નવ યુવાનોને ગુટખાની લતમાંથી છોડાવી દેશની પ્રગતિ સાધવાની પરંતુ દેશના નવ યુવાનો અત્યારે હતા એમના એમ આ લત ઉપર પાછા ચડી ગયા છે. અને કેન્સર જેવી ભયાનક બીમારીની પરવા કર્યા વગર તમાકુનું સેવન કરી રહ્યા છે. ગુટખાનું સેવન કરનારા લોકો આ કુટેવથી દૂર રહી શકતા નથી. કે તેને છોડી પણ શકતા નથી. આ બાબતે સત્વરે સરકાર અથવા સરકારી અધિકારીઓએ તાત્કાલિક અસરથી પગલા લઈ આવા ગુટખા પાઉચ તેમજ વેચનાર વેપારી તેમજ પાઉચ બનાવનાર કંપનીઓ ઉપર રોક લગાવવા જેવા જરૂરી પગલા ઉઠાવે તેવી માંગ સામાન્ય પ્રજામાંથી ઉઠવા પામી છે.

# પાલનપુરમાં વરસાદી પાણીના નિકાલમાં ગેરકાયદેસર ભૂગર્ભ કનેક્શન આપ્યાની ફરિયાદ

પાલનપુર, તા. ૯

પાલનપુર નગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલ દુકાનો, મકાનો, સંસ્થાઓ તેમજ છાત્રાલયોના મોટાભાગના ભૂગર્ભ કનેક્શનો ગેરકાયદેસર વરસાદી પાણીના નિકાલ કરવાની પાઈપમાં જોડી નખાયા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

પાલનપુર શહેરના કેટલાક ખાનગી તબીબોની મોટી હોસ્પિટલોના ભૂગર્ભ કનેક્સનો ગેરકાયદેસર રીતે કેટલાક ભ્રષ્ટ કર્મીઓની રહેમ નજર હેઠળ કનેક્શનો જોડી દઈને બારોબાર રકમ લઈને પાલિકા વિભાગને મોટુ નુકશાન અપાવી રહ્યા છે. જ્યારે હાઈ-વે વિસ્તારમાં આવેલ કેટલીક મોટી હોટલોના ભૂગર્ભના કનેક્શનો વરસાદી પાણીના નિકાલની પાઈપલાઈનમાં કરી નાંખવામાં આવ્યા છે. અને પ્રતિવર્ષ પાલિકાને ભરવો પડતો ભૂગર્ભ વેરા કેટલાક કર્મીઓ ગજવામાં નાખી રહ્યા હોવાથી ચર્ચાઓ થવા લાગી છે ત્યારે આ મામલે પાલિકાતંત્રના ઉચ્ચ અધિકારી ન્યાયિક તપાસ કરાવે તેવી માંગણી નગરજનો કરી રહ્યા છે.

# પાલનપુરના સોનબાગમાં ગાય ચોરવા આવેલા બે શખ્સોને સ્થાનિકોએ ધીબી નાખ્યા

## ગાય ચોરવા આવેલા ચાર પૈકી બે પકડાયા અને બે નાસી છૂટવામાં સફળ રહ્યા



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૯

પાલનપુર પંથકમાં છેલ્લા ઘણા સમયથી ગાય, બકરાં, ઘેંટા જેવા પશુઓની ચોરીઓ વધવા લાગતા પશુચાલકો ત્રાહિમામ પોકારી ગયા હતા. રાત્રીના સમયે અને દિવસે તસ્કરોએ માઝા મુકી છે. ગતરોજ શહેરના સોનબાગ વિસ્તારમાં ગાયને ચોરીને જતા હતા ત્યારે લોકોએ બુમાબુમ કરતા ચાર પૈકી બે ચોરોને પકડી પાડ્યા હતા તેમજ સ્થાનિકો દ્વારા ઝાડના થડીયા સાથે બાંધી માર મારવામાં આવ્યા બાદ પોલીસને સોંપવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા તસ્કરો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પાલનપુરના સોનબાગ વિસ્તારના સોનીપતી હનુમાન પાસે આવેલ નારણભાઈ દેસાઈના વાડામાંથી ગાયને ચોરવા આવેલા ડીસાના જ રાજુભાઈ મહાદેવભાઈ રબારી રહે. એસ.સી.ડબલ્યુ હાઈસ્કૂલ પાસે ડીસા, સુરેસ લીલાભાઈ રબારી રહે. કચ્છી કોલોની ડીસા તેમની સાથે અનાભાઈ સનાભાઈ રબારી પાલનપુરવાળા તેમજ અન્ય એક ઈસમ ઉપરોક્ત સરનામે આવીને વાડામાં બાંધેલ ગાયને ચોરીને લઈ જતા હતા ત્યારે આસપાસના લોકોએ બુમાબુમ કરતા લોકો દોડી આવતા બે ઈસમો નાસી ગયા હતા અને બે ઈસમો ઝડપાઈ ગયા હતા. પોલીસને જાણ કરતાં પોલીસ આવીને બન્ને આરોપીઓની અટકાયત કરી હતી. તેમની કડકાઈથી પૂછતાછ થાય તો અન્ય પશુઓની ચોરીના ભેદ ઉકેલાય તેવા સંકેતો જણાતા હતા.

# પ્રાંતિજમા ખુલ્લેઆમ બેરોકટોક ધમધમતા દારૂ જુગારના અડ્ડાઓ : પોલીસ મુક પ્રેક્ષક

## વકરતી જતી આ બદીથી નાગરિકો ભારે પરેશાન

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠાના પ્રાંતિજ શહેરના કેટલાક વિસ્તારોમાં છેલ્લા ઘણા વખતથી દારૂ-જુગારના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. અને યુવાધન બરબાદી તરફ ધકેલાઈ રહ્યું છે. ત્યારે પ્રાંતિજ શહેરમાં દારૂ-જુગારના ચાલતા વેપલાથી સ્થાનિક પોલીસને ભાળ હોવા છતાં હપ્તાની લ્હાયમાં પોલીસ નરી આંખે સમગ્ર તમાશો જોઈ રહી છે. આમ આ દૂષણને જિલ્લા પોલીસતંત્ર નાથવામાં નિષ્ફળ રહ્યું છે. જેથી લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ શહેરના કેટલાક વિસ્તારો ખુલ્લેઆમ ધમધમી રહેલા દારૂ અને જુગારના અડ્ડાઓએ ઠેર ઠેર માઝા મુકી છે. બુટલેગરો ફરી સક્રીય થતાં પ્રાંતિજ પંથક અસામાજીક પ્રવૃત્તિઓએ ફરી બેરોકટોક વધી રહી છે. અને ખુલ્લેઆમ પાણીની જેમ દારૂ પીરસાઈ રહ્યો છે. આથી યુવાઓ આ બદી તરફ ધકેલાઈ રહ્યા છે. નગરમાં દેશી તથા વિદેશી દારૂનું ધૂમ વેચાણ થતું જાહેરમાં જોવા મળે છે અને યુવાનો શરબતની જેમ ઢીંચી રહ્યા છે. ઠેર ઠેર લોકો દારૂની મહેફીલો જોવા મળે છે. આમ સ્થાનિક પોલીસ પણ તદ્દન નિષ્ક્રિય છે ત્યારે સમાજના અગ્રણીઓ તેમજ બુદ્ધીજીવીઓ પોતાના સંતાનોને આ બદીથી દૂર રાખવા માટે સ્વયંભૂ આંદોલન ઉપાડે તે આવશ્યક બન્યું છે.

# ખેડબ્રહ્મામાં સફાઈના અભાવે મચ્છરોનો ઉપદ્રવ વધતાં રોગચાળાની ભીતી

## પાલિકા તંત્રની બેદરકારીને પગલે ઠેર-ઠેર કચરાના ઢગ

ખેડબ્રહ્મા, તા.૯

ખેડબ્રહ્મા શહેરમાં ઠેર ઠેર ધમધમતા શેરડીના કોલા, આઈસ્ક્રીમ, લચ્છી અને બરફ ગોળાની લારીઓ વાળા દ્વારા કરવામાં આવતી ગંદકી તેમજ તંત્રની લાપરવાહી અને સફાઈના અભાવે સમગ્ર શહેરની સ્થિતિ નર્કાગાર જેવી બની રહી છે. પરિણામે આ ગંદકી અનેક રોગોને નોતરું આપી રહી છે તેવી ભીતી સેવાઈ રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા નગરપાલિકા તંત્ર વાર તહેવારે સ્વચ્છ નગરના નારા લગાવી રહી છે અને કોઈ અધિકારી કે મંત્રી અહીંની મુલાકાતે આવવાના હોય ત્યારે સમગ્ર શહેરને ગણતરીના દિવસોમાં ચોખ્ખું ચકચકાટ કરી નાંખવામાં આવે છે અને બાકીના દિવસોમાં રેઢીયાળ પાલિકાતંત્રના કર્મચારીઓ અધિકારીઓ હાથ પર હાથ રાખી બેઠા નજરે પડે છે જયારે બીજી તરફ રેઢીયાળ અને આળશુ ખેડબ્રહ્મા નગરપાલિકાના કર્મચારીઓની બેદરકારી અને સફાઈના અભાવે હાલ શહેરમાં ઠેર ઠેર કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. ઉપરાંત ઠંડા પીણાની લારીઓ અને જાહેર માર્ગો પર ઠલવાતા ગંદા ગટરના પાણીથી નગરજનોની ઉંઘ હરામ થઈ ગઈ છે.

શહેરી વિસ્તારમાં દરરોજ જાહેરમાં ફેંકાતા કચરાને લીધે મચ્છરો અને માખીઓનો ઉપદ્રવ પણ વધવા લાગ્યો છે. સાથે સાથે બિમારીએ પણ ધીમે ધીમે માથું ઉંચકતા લોકોમાં આક્રોશ ઉભો થયો છે અને પાલિકા તંત્ર સત્વરે આ ગંદકી દૂર કરાવે તેવી માંગણી કરી રહ્યા છે.



# વેજપુર ગામમાં બકરીના કુખે વિચીત્ર પ્રકારનું બચ્ચુ જન્મતાં કુતુહલ સર્જાયું

ભિલોડા તાલુકાના વેજપુર ગામમાં બકરીના કુખે વિચીત્ર પ્રકારનું બચ્ચુ જન્મતાં કુતુહલ સર્જાયું.દુર-દુરથી વિચીત્ર પ્રકારના બચ્ચાને જોવા લોકો આવ્યા હતા.શૈલેષભાઈ મોથલીયાના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકાના વેજપુર ગામમાં નરસિંહભાઈ પુનાજી મોથલીયાના ઘરે તાજેતરમાં એક બકરીએ બે બચ્ચાને જન્મ આપ્યો હતો.જેમાં એક બકરી અને એક બકરાને જન્મ થયો હતો.પરંતુ વિચીત્ર પ્રકારની બકરીનો જન્મ થતાં લોકો અશ્ચર્યમાં મુકાયા હતા.બકરીનું બીજ બચ્ચું રુષ્ટપુષ્ટ હતું.આ વિચીત્ર પ્રકારના બકરીના બચ્ચાને જોવા આજુ-બાજુ લોકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.માનવી કુદરતની માયાને પામ્યો નથી અને પામવાનો પણ નથી.જાણે કે કળિયુગમાં હવે ન કલ્પી શકાય તેવી ઘટનાઓ જોવા મળી રહે છે.ખરેખર આ તો કુદરતનો કમાલ જ કહેવાય!

(તસવીર : હરેશ ત્રિવેદી, ભિલોડા)

# શ્વેતાંબર જૈન સમાજનાં મહિલા કાન્તાબેનનું અવસાન

તલોદ, તા. ૯

શ્વેતાંબર જૈન સમાજના અગ્રણ્ય અને તલોદની વેપારી પેઢીમાં નોકરી કરી ચુકેલા સ્વ. સકરચંદ ભાવસારનાં ધર્મપત્ની તેમજ તલોદ નાગરિક સહકારી બેન્કના માજી મેનેજર ચીનુભાઈ ભાવસાર અને આજ બેંકમાં નોકરી કરતા નરેન્દ્રભાઈ તેમજ માર્કેટ યાર્ડમાં નોકરી કરતા કિરિટભાઈનાં માતુશ્રી કાંતાબેન સકરચંદ ભાવસારનું ૮૩ વર્ષની વયે તા. ૮-૫-૨૦૧૩ની સવારે દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની સ્મશાન યાત્રામાં નાગરિક બેન્કનો સ્ટાફ, માર્કેટયાર્ડનો સ્ટાફ તેમજ જૈન સમાજ જોડાયો હતો.

સ્વર્ગસ્થનું બેસણું તલોદમાં દિગંબર જૈન વાડીમાં તા. ૧૩-૫-૨૦૧૩ના રોજ સવોરે ૯ વાગ્યાથી ૧ વાગ્યા સુધી રાખવામાં આવ્યું છે. કુટુંબ ઘેરા શોકની લાગણી અનુભવી રહ્યું છે. કાંતાબેનનું અવસાન ૮-૫-૨૦૧૩ના રોજ થયેલ છે.



પાલનપુર તાલુકાના બાલારામના જંગલોમાંથી મોડી રાત્રિના સમયે જીપમાં લાકડાની ચોરી કરીને લઈ જતા હોવાની માહિતીના આધારે પાલનપુર રેન્જ ફોરેસ્ટ ઓફિસર કે.એન. પ્રજાપતિ, વનપાલ બી.કે. સોલંકી તથા સ્ટાફના માણસો દ્વારા કમાન્ડર જીપ નંબર જી.જે. ૧૩ બી ૯૨૫૫ના ચાલક અંધારામાં લાઈટો બંધ રાખી ૫૦૦ કીલો જેટલા લાકડા જીપમાં ભરી ચોરી કરી જતો હતો તેને પકડી પાડયો હતો. આર.એફ.ઓ.એ. જીપના લાકડા કબ્જે કરીને આરોપી વિજયસિંહ થાનસિંહ વાઘેલા રહે. ભડથ તા. ડીસાને ઝડપી કોર્ટમાં રજુ કર્યો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ચાર ધામની યાત્રા દરમિયાન કાળજી રાખવા સરકારી અપીલ

વિશ્વ પ્રસીદ્ધ ચાર ધામ યાત્રા પ્રત્યેક વર્ષે ૧૫મી મેથી નવેમ્બરના પ્રથમ સપ્તાહ દરમિયાન ચાલે છે. ઉત્તરાખંડ પ્રદેશમાં યોજાતી આ યાત્રામાં કરોડો યાત્રીઓ અને સહેલાણીયો જોડાય છે. ઉત્તરાખંડની બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રીધામ, યમનોત્રીધામ, શીખોનું પવિત્ર સ્થળ ગોવિંદ ઘાટ અને વિશ્વ પ્રસિદ્ધ ફુલોની ઘાટી જેવા સ્થળોના પરીભ્રમણ હેતું પર્યટોક ઉમટી પડે છે. અહીંના કેટલા ધાર્મિક સ્થળો તો ૧૦થી ૧૫ હજાર ફુટની વિશમ ઉંચાઈ પર સ્થિત છે. કેદારનાથ, યમનોત્રી, ગોવિંદ ઘાટ, ફુલોની ઘાટી જેવા સ્થળોએથી પાંચથી પંદર કિમીની દુરગમ પદયાત્રા કરવી પડે છે. મેદાની પ્રદેશોમાં ગરમી, લૂ પ્રકોપ, હિમપાદ, તાપમાનનું શુન્ય ડિગ્રી પર પહોંચી જવુ તેવુ વાતાવરણ થઈ જતુ હોય છે. જેની પ્રતિકુળ અસરો યાત્રાળુઓના સ્વાસ્થ્ય પર પડે છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખી ચારધામ તીર્થ યાત્રા યાત્રાળુઓને સ્વાસ્થ વિષયક આવશ્યક સાવધાની રાખવા રાજ્યના આરોગ્ય મંત્રી નીતિન પટેલે ગુજરાતમાંથી જતા યાત્રાળુઓને આરોગ્ય વિષયક જાગૃતતા માટે ખાસ કાળજી લેવા અનુરોધ કર્યો છે. યાત્રાળુઓ ઉત્તરાખંડ ચારધામ યાત્રા દરમિયાન નીચેને મહત્વપુર્ણ બાબતે સાવધાની રાખવી આવશ્યક છે.

પ્રત્યેક તીર્તયાત્રાળુઓએ પોતાની સાથે ગરમ વસ્ત્ર અવશ્ય રાખવા, તીર્થયાત્રીઓએ પોતાનું સ્વાસ્થ્ય પરિક્ષણ કરાવીને જ યાત્રામાં જોડાવુ. હૃદય રોગ, શ્વાસ, મધુપ્રમેહ તથા અન્ય હાઈ-અલ્ટીટ્યુડ સંબંધી રોગીઓએ સવિશેષ સાવધાની રાખવી


ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન